**આંક–૨૬**

# <u>શ્રી ડી.પી.પુંજાણી, પ્રમુખ અધિકારી, મજુર અદાલત નં–૧, ભરૂચ સમક્ષ</u>

**રેફરન્સ (એલ.સી.બી.) નં–૩૬/૨૦૧૭**

**<u>પ્રથમ પક્ષકાર</u>** : નાયબ વન સંરક્ષકશ્રી,
નાયબ વન સંરક્ષકની કચેરી,
રાજપીપલા પૂર્વ વન વિભાગ, જકાતનાકા પાસે,
રાજપીપલા, જી. નર્મદા.

–:– <u>વિરૂધ્ધ</u> –:–

**<u>બીજા પક્ષકાર</u>** : શ્રી રૂપાભાઈ નવસાભાઈ વસાવા
મુ. પો. ગોડદા, તા. સાગબારા, જી. નર્મદા (રાજ.)

**<u>હાજર રહ્યા</u>** : પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી એમ. જી. રાઠોડ.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી ડી. એસ. જોગ.

## –:– <u>એવોર્ડ</u> –:–

(૧) ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ ધારાના પ્રબંધો નીચે આયુક્ત કચેરી, ભરૂચના કચેરી હુકમ ક્રમાંક:કે.એચ.એસ.એમ.સી./૧૫૧૬૭ /એ.જે./આઈ.ડી.આર./૨૦૧૬, તા.૩૧/૧૨/૨૦૧૬ થી વિવાદના ન્યાયીક નિર્ણય માટે આ કોર્ટને સુપરત કરવામાં આવેલ છે. વિવાદ અનુસૂચિ વિગતે :

**–:– <u>અનુસુચિ</u> –:–**

શ્રી રૂપાભાઈ નવસાભાઈ વસાવાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(૨) બીજા પક્ષકાર તરફે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ફરીયાદ દાખલ કરતાં ત્યાં સમાધાન શકય ન બનતા અત્રેની કોર્ટને ન્યાયનિર્ણય અર્થે સદર રેફરન્સ સુપરત કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલતમાં સદર રેફરન્સ ચાલી જતાં મારા પુરોગામીશ્રી દ્વારા આંક–૧૬ થી તા.૦૧–૦૪–૧૯ ના રોજ હુકમ કરવામાં આવેલ. સદર હુકમથી નારાજ થઈ બીજા પક્ષકારે નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં–૧૨૯૧૩/૨૦૨૩ થી રીટ પીટીશન દાખલ કરેલ. જેમાં તા.૧૮–૧૦–૨૩ ના રોજ રીમાન્ડ બેકનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ અત્રેથી આંક–૧૭ થી નામ. ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ. નં–૧૨૯૧૩/૨૦૨૩ માં તા.૧૮–૧૦–૨૩ ના હુકમ અનુસાર સદર કેસ બોર્ડ પર લઈ પક્ષકારોને તા.૧૫–૦૪–૨૪ ના રોજની નોટીસ કરવાનો અધિક્ષકશ્રી દ્વારા હુકમ કરવામાં આવેલ.

(૩) સદર કામ ફરીફાઈલ પર લેવામાં આવતાં અત્રેથી આંક–૧૮ થી તા.૧૮–૦૩–૨૪ ના રોજ સદર કામના પ્રથમ પક્ષકારને આર.પી.એ.ડી. થી તથા બીજા પક્ષકારને રૂબરૂમાં નોટીસ કરવામાં આવેલ. જે બીજા પક્ષકારની નોટીસ તેમના પ્રતિનિધિને હાથોહાથ મળી ગયેલ હોવાનું તેઓની સહી તથા શેરા આધારે જણાય છે.

સદર કામ ફરીફાઈલે આવતાં પ્રથમ પક્ષકાર તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૧૯ ની પુરસીસથી "સદર કામમાં (સરકારશ્રી) સામાવાળા તરફે અમો જીલ્લા/મદદનીશ સરકારી વકીલ તથા વધારાના પબ્લીક પ્રોસીક્યુટર એમ.જી.રાઠોડ હાજર થયેલાનું" જાહેર કરેલ છે.

ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૨૧ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ જેમાં રીમાન્ડબેકનો હુકમ થયા બાદ ફરી કામ ચાલવામાં આવતા પુરાવાના સ્ટેજ ઉપર હોય બીજા પક્ષકારે અગાઉ રેફરન્સના કામમાં દસ્તાવેજોની માંગણી કરતી અરજી કરેલ જેમાં લેબરકોર્ટે દસ્તાવેજો રજુ કરવા હુકમ કરેલ છે પરંતુ, હુકમ મુજબના દસ્તાવેજો નથી તેવું પ્રથમ પક્ષકારે સોગંદ ઉપર જાહેર કરેલ છે. જેથી પ્રથમ પક્ષકારે દસ્તાવેજી પુરાવા જાણીજોઈને રજુ કરેલ નથી તેવું વિરૂધ્ધનું અનુમાન કરવા તથા બીજા પક્ષકાર તરફે નવા કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તથા બીજા પક્ષકાર તરફે રેફરન્સના કામમાં અગાઉ રજુ દસ્તાવેજ પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા માંગતી અરજી તેમજ બીજા પક્ષકારની સોગંદ ઉપરની સરતપાસની હકીકતો ગ્રાહ્ય રાખવા અરજ કરી વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૨ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, સામાવાળા તરફે મુળ કામના અગાઉ નામ. કોર્ટમાં રજુ કરેલ જવાબ, અરજદારની ઉલટ તપાસ તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને આ કેસમાં પણ ગણવા.

ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૨૪ થી તેઓએ રેફરન્સ નં–૫૪/૧૭ અને રેફરન્સ નં–૭/૧૭ ના કામમાં લેખિત દલીલ અને સાઈટેસન્સ રજુ કરેલ છે જે લેખિત દલીલ અને સાઈટેસન્સને સદર કામમાં વંચાણે લેવા અરજ કરેલ છે.

(૪) સદર કામના બીજા પક્ષકાર તેઓ તેમના આંક–૪ ના પ્રતિનિધિશ્રી તરફે હાજર રહી આંક–૩ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સને ૧૯૯૨ થી વોચમેન તરીકે સામાવાળાના તાબા હેઠળની સાગબારા રેન્જમાં નોકરીની ફરજો બજાવતા હતાં. તેના ભાગરૂપે જંગલ ખાતામાં નર્સરી ઉપર કામ કરતા બેટરી ઉચકવા જતા ડાબા પગમાં પડતા ફ્રેકચર થયેલ. અરજદારને શરૂઆતમાં રૂ.૯૯૦/– લેખે વેતન ચુકવવામાં આવતું હતું અને છેલ્લે રૂ.૨,૫૦૦/– પગાર ચુકવતા હતાં અને પગાર અંગે કોઈ પુરાવાઓ આપતા ન હતાં. અરજદારે સામાવાળા સંસ્થાના તાબા હેઠળના સાગબારા રેન્જમાં જંગલની સાચવણી તથા દેખરેખ તેમજ રોપાઓને પાણી નાંખવાની કામગીરી કરવાની રહેતી હતી.

વધુમાં જણાવેલ છે કે, અરજદારની સામાવાળા સંસ્થામાં ફરજ દરમિયાન કામગીરી બાબતે, વર્તણૂંક બાબતે કોઈ મેમો, નોટીસ કે ચાર્જશીટ મળેલ નથી. તેઓનો પાછલો રેકોર્ડ ખૂબ જ સ્વચ્છ હતો અને સામાવાળાને તેમની કામગીરીથી સંતોષ હતો. અરજદારે સામાવાળા સંસ્થાના તાબા હેઠળની સાગબારા રેંજના જવાબદાર ફોરેસ્ટર પાટીલ સાહેબ, નારૂભાઈ ચૌધરી સાહેબ, ચતુરભાઈ વસાવા સાહેબ તેમજ બીટગાર્ડ રમેશભાઈ, તડવી સાહેબની સીધી સુચના અને દેખરેખ હેઠળ તેઓ કહે તે મુજબ જે કામગીરી સોંપે તે કામગીરી કરવાની રહેતી હતી.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને તા.૦૮–૧૨–૦૨ ના રોજથી મૌખિક હુકમથી કોઈપણ જાતના કારણ કે ગુના વગર ગેરકાયદેસર છુટા કરેલ અને છુટા કરતાં પહેલા તેઓને કોઈ મેમો, નોટીસ કે ચાર્જશીટ કે નોટીસ પગાર ચુકવેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી કે બચાવની કોઈ તક આપેલ નથી જે સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

વધુમાં જણાવેલ છે કે, હાલમાં વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને નામ. સુપ્રિમકોર્ટના એસ.એલ.પી.(સી) નં–૧૩૬૧૯–૨૦/૨૦૧૨ ના તા.૦૯–૦૭–૧૩ ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭–૧૦–૮૮ ના

ઠરાવ મુજબના લાભો આપવા બાબતે નામ. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા.૧૫–૦૯–૧૪ ના ઠરાવ ક્રમાંકઃવનમ–૩૦૨૦૧૩–૨૧૩૮–ડર સચિવાલય, ગાંધીનગર દ્વારા ઠરાવ કરેલ છે તે મુજબ અરજદારના સાથે કામ કરતા અન્ય કામદારોને સદરહુ ઠરાવના લાભો સામાવાળાઓ દ્વારા ચુકવવામાં આવેલ હોવાથી કાયદા મુજબ સૌ સમાનના સિધ્ધાંત મુજબ અરજદાર સદરહું ઠરાવ મુજબ પગાર, લાભો, ભથ્થાઓ મેળવવા હક્કદાર છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને તા.૦૮–૧૨–૦૨ ના રોજથી મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં અરજદારે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જ્યાં સમાધાન શક્ય ન બનતા સદર કામ ન્યાયનિર્ણય અર્થે અત્રેની કોર્ટને સુપરત કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારે સામાવાળા સંસ્થાના તાબા હેઠળના સાગબારા રેન્જમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ છે જેનો પુરાવો સામાવાળાના કબજામાં છે. અરજદાર બેકાર છે નોકરી મેળવવા પ્રમાણિક પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. સામાવાળા તેમની જગ્યાએ અન્ય વ્યક્તિને રોકી કામગીરી કરાવે છે. તેઓ આજે પણ સામાવાળા સંસ્થામાં કામગીરી બજાવવા રાજી અને ખુશી છે.

આમ, અરજદારને તા.૦૮–૧૨–૦૨ ના રોજથી મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનું સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવાનો સામાવાળાને હુકમ કરવા તથા સદર રેફરન્સનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– ચુકવી આપવાનો તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર તરફે આંક–૫ થી દસ્તાવેજો માંગતી અરજી રજુ કરવામાં આવેલ. જે અરજી અનુસંધાને મારા પુરોગામીશ્રી દ્વારા તા.૧૧–૦૩–૧૯ ના રોજ હુકમ કરવામાં આવેલ.

(૫) સદર કામના પ્રથમ પક્ષકાર તેમના આંક–૬ ના વકીલશ્રી મારફતે હાજર રહી આંક–૭ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન તદ્દન ખોટું અને ગેરકાયદેસર હોવાથી રદ થવાને પાત્ર છે. તેઓએ તેમના જવાબમાં સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતો તેઓને કબુલ મંજુર નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદારની અરજીની પેરાવાઈઝ હકીકતો પુષ્ટિ અર્થે ઉપજાવી કાઢેલ હોવાથી તેઓને કબુલ મંજુર ન હોવાથી તે તમામ હકીકતો બીજા પક્ષકારે સ્પષ્ટ દસ્તાવેજી પુરાવા સહીત સાબિત કરવાની રહેશે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તદ્ન હંગામી ધોરણે રોજમદાર તરીકે આવતા હોય જે રોજ ભરે તે પૂરતા તેમનું રોજ આપવામાં આવતું હતું તથા તેઓની નિમણૂંક કોઈ ખાતાકીય નિયમો અનુસારની પ્રક્રિયા મુજબ કાયમી પોસ્ટ અર્થે કયારેય થયેલ ન હતી અને તેઓ જંગલખાતાની સીઝનલ કાર્યવાહી અર્થે જ રોજમદારની હેસીયતથી સીઝન પૂરતા કામે આવતા અને કયારેય વર્ષે પુરા ૨૪૦ દિવસ કામ કરેલ નથી. વિશેષમાં તેઓનું નામ. કોર્ટને કથન છે કે, નામ. સુપ્રિમકોર્ટે સ્પે.સી.એ. નં-૬૧૮૪/૯૮ ના ચુકાદામાં રાજય સરકારના વન ખાતાને ઔદ્યોગિક તકરાર અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમ ચુકાદાથી પ્રતિપાદિત કરેલ છે તથા તેજ અનુસારના નામ. ગુજરાત હાઈકોર્ટ એલ.પી.એ.નં-૧૧૨૫-૧૯૯૭ ઈન સ્પે.સી.એ. નં-૪૭૧૮/૧૯૯૪ વીથ સીવીલ એ.કે.નં-૮૭૯૩/૧૯૯૭ ના હુકમોમાં ફરમાવવામાં આવેલ છે તે ધ્યાને લેવા અરજ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલમાં વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને નામ. સુપ્રિમકોર્ટના એસ.એલ.પી.(સી) નં-૧૩૬૧૯/૨૦૧૨ ના તા.૦૯-૦૭-૧૩ ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭-૧૦-૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવા બાબતે નામ. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા.૧૫-૦૯-૧૪ ના ઠરાવ ક્રમાંકઃવનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ડ૨ સચિવાલય ગાંધીનગર દ્વારા ઠરાવ કરેલ છે તે મુજબ બીજા પક્ષકારના સાથે કામ કરતાં અન્ય કામદારોને સદરહુ ઠરાવના લાભો પ્રથમ પક્ષકાર દ્વારા ચુકવવામાં આવેલ હોવાથી કાયદા મુજબ સૌ સમાનના સિધ્ધાંત મુજબ બીજા પક્ષકાર સદરહુ ઠરાવ મુજબ પગાર, લાભો, ભથ્થાઓ મેળવવા હક્કદાર હોવાની તમામ હકીકત અસ્થાને અને પાઠાફેર હોવાથી બીજા પક્ષકારે સાબિત કરવી જોઈએ તેમ જણાવી બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હક્કદાર થતાં ન હોવાથી તેઓનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ</u>–**

**<u>મૌખિક પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૦ | બીજા પક્ષકારશ્રી રૂપાભાઈ નવસાભાઈ વસાવાની એફીડેવીટ ઉપર સરતપાસ. |

**<u>લેખિત પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | માર્ક–૯/૧ | સામાવાળાએ અરજદાર તેમજ અન્ય રોજમદારોને કામગીરી સોંપવા બાબતે પાઠવેલ પત્રની ઝેરોક્ષ નકલ. |
| ૨. | આંક–૧૧ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૧૯–૦૩–૧૯) |
| ૩. | આંક–૧૪ | લેખિત દલીલ તથા દલીલના સમર્થનમાં નામ. વડી અદાલતોના ચુકાદા. (તા.૨૭–૦૩–૧૯) |
| ૪. | આંક–૨૧ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૧૯–૦૭–૨૪) |

**<u>પ્રથમ પક્ષકાર તરફેઃ</u>–**

**<u>મૌખિક પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૨ | સાહેદશ્રી ભરતભાઈ પુનીયાભાઈ વસાવાનું સરતપાસનું સોગંદનામું. |

**<u>લેખિત પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૮ | શ્રી ભરતભાઈ પુનીયાભાઈ વસાવાનું દસ્તાવેજો અંગેનું સોગંદનામું. |
| ૨. | આંક–૧૩ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૨૬–૦૩–૧૯) |
| ૩. | માર્ક–૧૫/૧ | નામ. સુપ્રિમકોર્ટે સીવીલ અપીલ નં–૧૬૮૪/૧૯૯૮ ના કેસમાં આપેલ જજમેન્ટની નકલ. |

૪. માર્ક–૧૫/૨ નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પે. સીવીલ એપ્લીકેશન નં–૪૩૭૧/૨૦૦૦ ના કેસમાં આપેલ જજમેન્ટની નકલ.

૫. માર્ક–૧૫/૩ નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પે. સીવીલ એપ્લીકેશન નં–૪૭૧૫/૨૦૦૩ ના કેસમાં આપેલ જજમેન્ટની નકલ.

૬. આંક–૨૦ શ્રી વિપીનભાઈ ગોપાલભાઈ બારીયાનું દસ્તાવેજો અંગેનું સોગંદનામું.

૭. આંક–૨૩ કલોઝીંગ પુરસીસ. (તા.૨૨–૧૧–૨૪)

૮. આંક–૨૫ કલોઝીંગ પુરસીસ. (તા.૨૫–૧૧–૨૪)

**(૭) <u>પક્ષકારોની મૌખિક દલીલોઃ</u>–**

**બીજા પક્ષકાર તરફે દલીલઃ–**

આ કામના બીજા પક્ષકારે આંક–૧૪ તથા કેસ રીમાન્ડબેક થયા બાદ આંક–૨૪ થી તેઓએ રેફરન્સ નં–૫૪/૧૭ અને રેફરન્સ નં–૭/૧૭ ના કામમાં લેખિત દલીલ અને સાઈટેસન્સ રજુ કરેલ છે જે લેખિત દલીલ અને સાઈટેસન્સને સદર કામમાં વંચાણે લેવા અરજ કરેલ છે. બીજા પક્ષકારે તેમની લેખિત દલીલના સંદર્ભમાં મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને ૧૯૯૨ ના રોજથી સાગબારા રેન્જમાં કાયમી સંરક્ષણના હોદ્ધા ઉપર દાખલ થયેલ અને દર વર્ષે ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બીજા પક્ષકાર જે જગ્યાએ કામ કરતા હતાં તે કાયમી પ્રકારની હતી. જેથી બીજા પક્ષકારની જંગલ ખાતાની સીઝનલ પ્રકારની કામગીરી અર્થે નિમણૂંક કરવામાં આવેલ હોય તે માની શકાય નહીં. કેમ કે, બીજા પક્ષકાર જે જગ્યાએ કામગીરી કરતા હતાં તે કાયમી પ્રકારની હોવાથી પડેલ પુરાવા પરથી પુરવાર થયેલ છે નહીં કે, સીઝનલ પ્રકારની. વધુમાં, બીજા પક્ષકાર સંસ્થામાં સીઝનલ કામગીરી માટે કામે રાખવામાં આવેલ હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આ કામે રજુ રાખવામાં આવેલ નથી. બીજા પક્ષકારે તેમની નોકરી વફાદારી અને પ્રમાણિકતાથી કરેલ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કયારેય કોઈ ચાર્જશીટ, નોટીસ કે ઠપકો આપવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારને

તા.૦૮–૧૨–૦૨ ના રોજ કોઈપણ કાયદાકીય કાર્યવાહી વગર છુટા કરવામાં આવેલ જે પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય છટણી સમાન છે. તેમ છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) મુજબની છટણીની પૂર્વશરતોનું પાલન કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર બને છે. બીજા પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતા હોવાની હકીકત પ્રથમ પક્ષકારે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે તે હકીકતને ધ્યાને લઈએ તો પણ આઈ.ડી. એકટ હેઠળ કામદારની વ્યાખ્યામાં રોજમદાર અને કાયમી કામદારનો સમાવેશ થાય છે. તે સંજોગોમાં પણ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું પુરવાર થાય છે. વધુમાં દલીલ કરી જણાવેલ છે કે, **નામ. હાઈકોર્ટ ઓફ પંજાબ અને હરીયાણાના પંજાબ એગ્રીકલ્ચર યુની લુધીયાણા વિરૂધ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર લેબરકોર્ટ ભટીંડા**ના તા.૨૬–૦૫–૦૧ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The Management has neither produced the attendance register, master roll to prove the break in service of workman nor produced any record of inquiry and termination order. A conjoint reading of provision would reveal that even if a person is engaged on daily wages and has completed the continuous service as defined u/s. 25(B) then his service cannot be terminated without following the statutory provision of Section 25(F) of the Act. હાલના કિસ્સામાં પણ બીજા પક્ષકારે સંસ્થામાં સને ૧૯૯૨ થી છુટા કર્યાની તારીખ સુધી કામ કરેલાની હકીકત પડેલ પુરાવા પરથી પુરવાર થયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદે સ્વીકારેલ છે કે, બીજા પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતાં હતાં. તે સંજોગોમાં બીજા પક્ષકારને છુટા કરતા પહેલા આઈ.ડી. એકટની કલમ-૨૫ (એફ) ની જોગવાઈનું પાલન સંસ્થાએ કરવું જોઈએ જે હાલના કિસ્સામાં સંસ્થાએ કરેલ ન હોય બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર બને છે. વધુમાં દલીલ કરેલ છે કે, **નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રિન્સીપલ એસી.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ વિરૂધ્ધ લીલાબેન સોમાભાઈ વર્ષા**ના કિસ્સાના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જે ક્ષણે કામદાર માલિક વિરૂધ્ધ કાયદાકીય પુરાવા રજુ કરે તો સળંગ નોકરી પુરવાર કરવાનો ભાગ કામદાર પર ન રહેતા માલિક ઉપર બોજો આવી જાય છે. હાલના કેસમાં બીજા પક્ષકારે સોગંદ ઉપર પુરવાર કરેલ છે કે, તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલ છે પરંતુ, સંસ્થા તરફથી તે હકીકતની વિરૂધ્ધમાં કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે બીજા પક્ષકારની ઉપરોકત હકીકતને ઉલટ તપાસમાં સંસ્થાએ ખંડન કરી શકેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, **નામ. ગુજરાત હાઈકોર્ટે Junagadh Municipal Corporation**

**V/s. Rajeshbhai Madhabhai Zala On 30 November 2018 Junagadh Municipal** અને દલીલ કરેલ છે કે, સદરહુ કેસમાં રોજમદાર કામદારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ નથી તેવી તકરાર લીધેલ. અરજદારે દસ્તાવેજો માંગતી અરજી કરેલ જેમાં નામ. કોર્ટે દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ અને સંસ્થાએ માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ નહીં. જેથી સંસ્થાના વિરૂધ્ધમાં અનુમાન કરી નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરેલ તથા **નામ. સર્વોચ્ચ અદાલતનો Director Fishries Terminal Division V/s. Bhikhubhai Meghjibhai Chavda on 9 November, 2009** અને દલીલ કરેલ છે કે, નોકરીમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હતી તે મુજબ પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી કામદારની છે. કામદાર તેમના કલેઈમ મુજબ વીટનેસ બોક્ષમાં આવી પુરાવા નહીં આપતા હોવાની હકીકતનું સમર્થન કરેલ ત્યારે ૨૪૦ દિવસ પૂર્ણ કરેલ નથી તેવી હકીકત પુરવાર કરવાનો બોજો માલિક પર જાય છે તથા **નામ. સર્વોચ્ચ અદાલત November, 2005 R.M.Yellati V/s. The Asst. Executive Engineer on 7** અને દલીલ કરેલ છે કે, આ કેસમાં રોજમદાર કામદારનો નિમણૂંક પત્ર કે છુટા કરવાનો હુકમ હતો નહીં કે નોકરી અંગેના પુરાવા હોતા નથી. આ સંજોગોમાં કામદાર માલિક પાસે હાજરીપત્રક, પગારપત્રક રજુ કરાવવાની માંગણી કરી શકે છે અને જો આવા દસ્તાવેજો રજુ કરવામાં માલિક નિષ્ફળ જાય તો તે અંગે વિરૂધ્ધનું અનુમાન કરવાનું ઠરાવેલ છે તથા **નામ. ગુજરાત વડી અદાલતની ફુલ બેંચનો ચુકાદો V/s. State of Gujarat on 12 April, 2004 Gujarat Forest Producers** ના કેસમાં પેરા-૩૦.૧ માં રાજય સરકારના જંગલ વિભાગને ઉદ્યોગ તરીકે ઠરાવેલ છે તથા **નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા Labour Court No.1, Bharuch. Ref. No.72-201511/21 Umrala Gram Panchayat V/s. The Secretary Municipal Employees Union & Ors. on 27 March, 2015** ના કેસમાં રોજમદાર સફાઈ કામદાર પાંચ વર્ષથી વધારે સમયથી નોકરી કરતા હોય તેઓને કાયમી કામદાર તરીકેનો દરજ્જો આપી કાયમી કામદારને ચુકવવામાં આવતા પગાર, ભથ્થાઓ તેમજ અન્ય લાભો પાછલા તફાવત સહિત ચુકવવાનો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે તથા **નામ. ગુજરાત હાઈકોર્ટ Vaghela V/s. R.F.O. on 16 March, 2018. Dhirubha Kathubha** તથા **નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા K.V.Anil Mithra V/s. Sree Sankaracharya University of Sansarit & Anr. on 27 October 2021 નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા ૨૦૧૫** અને **Jasmersingh V/s. State of Hariyana & Anr. on 13 January** ના કેસમાં નામ. સુપ્રિમકોર્ટે સદરહુ ચુકાદામાં આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) ના ભંગ બદલ ફુલ બેકવેજીસ સાથે પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે,

**Banglore Water Supply & Sewerage Board V/s. A.Rajappa & Ors. 1978 2 SCC 2013** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કોઈપણ સંસ્થા આઈ.ડી. એક્ટ મુજબ ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં પડે છે કે કેમ? તે કેસની હકીકતો પર આધારીત હોય છે. હાલના કેસમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર સાથે અન્ય કામદારોને વનરક્ષક તરીકે કામે રાખવામાં આવતા હોવાની હકીકત તથા તેઓની પાસેથી રોપણી જેવી કામગીરી કરાવતા હોવાની હકીકત પડેલ પુરાવા પરથી રજુ થયેલ છે. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થા કામદારો પાસેથી વિભિન્ન પ્રકારની સેવાઓ લેતી હોય પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ આઈ.ડી. એક્ટમાં જણાવેલ ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં થાય છે. વધુમાં, પ્રથમ પક્ષકારને સમય મર્યાદા સંબંધેની રજુઆતના સંદર્ભમાં (1)LAWS(SC) 2005 3 155 Supreme Court Shahaji V/s. Executive Engineer, PWD ના ચુકાદાવાળા કેસમાં મજુર અદાલત દ્વારા ડીલે ના મુદ્દા ઉપર રેફરન્સ રદ કરવામાં આવેલ કે જે તકરાર ૧૬ વર્ષ બાદ લેવામાં આવેલ છે તે કેસમાં નામ. સર્વોચ્ચ અદાલતે રેફરન્સ મંજુર કરવા હુકમ કરેલ છે. (૨) નામ. સર્વોચ્ચ અદાલત સમક્ષની સીવીલ અપીલ નં-૫૮૧૦/૨૦૦૯ ડેપ્યુટી એકઝીક્યુટીવ એન્જીનીયર વિરૂધ્ધ કુબેરભાઈ કાનજીભાઈના કેસમાં ૧૫ વર્ષ બાદ રેફરન્સ મંજુર કરવામાં આવેલો જેમાં મજુર અદાલતે પુનઃ સ્થાપિત કરવા હુકમ કરેલો. જેના પર નામ. હાઈકોર્ટે પીટીશન રદ કરેલી. જેના ઉપરની હાલની પીટીશન નામ. સર્વોચ્ચ અદાલતે મંજુર કરેલ છે.

ઉપરોક્ત રજુ કરવામાં ચુકાદાઓ માનસહ વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લીધા.

**પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દલીલઃ-**

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના વિ. વકીલશ્રીએ દલીલ Heard ગણવાનું જણાવેલ છે અને તેઓએ સદર રેફરન્સમાં અગાઉ કરવામાં આવેલ દલીલ ઉપર આધાર રાખેલ છે અને તે મુજબ રજુઆત કરેલ છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટ Gujarat Forest Producers, V/s. State of Gujarat on 12 April, 2004, 2 GLR 568, (2004) IIILLJ 259 Guj ૨. નામ. સુપ્રિમકોર્ટ Labour Court No.1, Bharuch. Ref. No.72-20159/21 ઓફ ઈન્ડિયા State of U.P. V/s. Jaibirsingh on 5 May, 2005 ૩. નામ. કર્ણાટક હાઈકોર્ટ Deputy Conservator of Forest V/s. Mallesha on 3 January, 2014 ૪. નામ. ગુજરાત હાઈકોર્ટ State of Gujarat V/s. Vastaji Hajurji Thakor, 2 May, 2001, Citation 2001, Law Suit (Guj) 276 ના ચુકાદા

મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ ઉદ્યોગમાં થતો નથી અને તેવા સંજોગોમાં બીજા પક્ષકારનો કેસ રદ કરવો જોઈએ તેમજ પ્રથમ પક્ષકાર તરફે તેમની દલીલના સમર્થનમાં ૧. Range Forest Officer V/s. S.T. Hadimani, 15 February, 2002 ૨. નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા Union of India V/s. Ibrahim Uddin & Anr. on 17 July, 2012 ૩. નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા November 2004 Mahendra L. Jain & Ors. V/s. Indore Development Authority on 22 ના ચુકાદાઓ રજુ કરી રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોય તે બાબત પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. માત્ર એફીડેવીટ આપવાથી તે હકીકત પુરવાર થઈ શકે નહીં. તેવા સંજોગોમાં ૨૪૦ દિવસની કામગીરી દર્શાવવાનો બોજો બીજા પક્ષકારનો છે અને બીજા પક્ષકારે કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી પુરવાર કરેલ ન હોય બીજા પક્ષકારનો કેસ રદ કરવા અરજ ગુજારેલ છે. ઉપરોકત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લીધા.

(૮) આ કામે હાલનો રેફરન્સ કેસ નામ. ગુજરાત હાઈકોર્ટના રીટ પીટીશન નં-૧૨૯૨૦/૨૦૨૩ ના હુકમ મુજબ રીમાન્ડ બેક થઈ આવેલ છે અને ત્યારબાદ પુરાવા તથા દલીલો સાંભળ્યા બાદ હાલના કામે મારી સમક્ષ ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:- <u>મુદ્દા</u> -:-**

(૧) શ્રી રૂપાભાઈ નવસાભાઈ વસાવાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**-:- <u>નિર્ણય</u> -:-**

(૧) અંશતઃ હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:- <u>કારણો</u> -:-**

(૧૧) આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દાની ચર્ચા કરતાં પહેલા પક્ષકારો તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો, આ કામના બીજા પક્ષકાર આંક-૧૦ થી રજુ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં આંક-૩ થી રજુ માંગણાના નિવેદનની તમામ હકીકતોને વળગી રહેલ છે. જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા કરવામાં આવતી નથી. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે, તેઓ અભણ છે. તેઓ કોડદા ગામે રહે છે. વધુમાં સ્વીકાર કરેલ છે કે, સને ૧૯૯૨ થી તેઓ કામ પર લાગેલા તે દર્શાવતો કોઈ લેખિત આધાર નિમણૂંક પત્ર કે અન્ય કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. તેઓને રૂ.૨૫૦૦/- પગાર ચુકવતા હતાં તેનો કોઈ લેખિત આધાર તેમજ તેમને ક્યા વર્ષમાં કેટલું વેતન મળવાપાત્ર થતું હતું તથા તેઓને છેલ્લો પગાર ક્યારે મળેલ તે બાબતનો કોઈ લેખિત આધાર તેમજ સંસ્થાએ તેમને તા.૦૮-૧૨-૦૨ ના રોજ છુટા કરેલ તે દર્શાવતો કોઈ લેખિત આધાર તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૮-૧૨-૦૨ ના રોજ તેમની કહેવાતી જગ્યાએ અન્ય વ્યક્તિને રોકી કામ કરાવેલ છે તે દર્શાવતો કોઈ લેખિત આધાર તેમજ તેઓએ સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલ છે તે બાબતનો કોઈ લેખિત આધાર આ કામે રજુ રાખેલ નથી. આ સિવાયની બાકીની હકીકતોને સાહેદે નકારેલ છે.

(૧૨) પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના સાહેદશ્રી ભરતભાઈ રતનભાઈ તડવીએ આંક-૧૨ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી જવાબની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. પ્રથમ પક્ષકારે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારે આંક-૫ થી દસ્તાવેજો રજુ કરવાની અરજી આપતાં અમારા પુરોગામીશ્રી દ્વારા દસ્તાવેજી પુરાવો રજુ કરવા અને પુરાવા ન હોય તો તે મુજબનું સોગંદનામું રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ભરતભાઈ રતનભાઈ તડવીએ આંક-૮ થી તથા રીમાન્ડ બેક થયા બાદ શ્રી વિપીનભાઈ ગોપાલભાઈ બારીયાએ આંક-૨૦ થી દસ્તાવેજો અંગેનું સોગંદનામું રજુ કરી જવાબની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જ્યારે સંસ્થાના સાહેદશ્રીએ તેઓની આંક-૧૨ ની ઉલટ તપાસમાં એવું જણાવેલ છે કે, તેમને

આ કેસની જાત–માહીતી નથી. તેઓને ફક્ત રેકર્ડ આધારીત માહીતી છે. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના રોજમદાર કામદાર હતાં તે દર્શાવતો દસ્તાવેજી પુરાવો પ્ર.પ. સંસ્થાએ આ કામે રજુ રાખેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, બી.પ. જે કામગીરી કરતા હતાં તે કામગીરી કાયમી પ્રકારની હતી. વધુમાં સ્વીકારેલ છે કે, તેમની સંસ્થામાં હાજરી અંગેનો કોઈ પુરાવો, પગાર પાવતી, ઓળખપત્ર આપવામાં આવતું ન હતું તેમજ માંગ્યા મુજબના દસ્તાવેજો જાણીજોઈને રજુ કરેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, બીજા પક્ષકાર જે કામગીરી કરતાં હતાં તે કામગીરી હાલ પણ ચાલુ છે અને અન્ય કામદારોને રોકી સદર કામગીરી કરાવવામાં આવે છે. વધુમાં સ્વીકારેલ છે કે, બીજા પક્ષકારને નોકરીમાં હાજર થવા માટે પત્ર લખેલ નથી તે સંદર્ભમાં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રોજમદાર કામદારને આ પ્રકારનો પત્ર લખવાનો રહેતો નથી. વધુમાં સાહેદને પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે, બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતાં સમયે નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલ ન હતું? જેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, બીજા પક્ષકાર અમારા કાયમી કર્મચારી ન હતાં. આ સિવાયની બાકીની હકીકતોને સાહેદે નકારેલ છે.

અત્રેની કોર્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થાને દસ્તાવેજો રજુ કરવા હુકમ કરવામાં આવેલ તેમ છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા મૌખિક પુરાવાના સોગંદનામા સિવાય અન્ય કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**<u>મુદ્દા નંબર–૧ઃ</u>–**

આ કામના બંને પક્ષકારોની રજુઆત જોતાં બીજા પક્ષકાર ૧૯૯૨ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતાં જ્યારે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર રોજમદાર હોવાનું જણાવેલ છે. આમ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતાં હોવાની હકીકત નિર્વિવાદીત છે. બીજા પક્ષકાર દ્વારા પોતે રોજમદાર હોવાનું સ્વીકારતા હોઈ રોજમદાર કામદાર હોવાની હકીકત જણાય આવે છે. પ્રથમ પક્ષકારના સાહેદ દ્વારા બીજા પક્ષકાર જે કામગીરી કરતાં હતાં તે કાયમી પ્રકારની હતી અને હાલમાં પણ ચાલુ છે તેમજ અન્ય કામદારોને રોકીને હાલ પણ કામગીરી કરાવવામાં આવે છે તે બાબતને ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર કામદારને રોજમદાર તરીકે રાખી કાયમી કામગીરી કરાવવામાં આવતી હતી તેવું જણાય આવે છે. જેથી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને સીઝનલ કામગીરી માટે બોલાવતા હોવાની હકીકત માની શકાય તેમ નથી.

વધુમાં ચર્ચા કરીએ તો, બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદન તથા સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને નામ. સુપ્રિમકોર્ટના એસ.એલ.પી.(સી) નં–૧૩૬૧૯–૨૦/૧૨ ના તા.૦૯–૦૭–૧૩

ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭–૧૦–૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવા બાબતે નામ. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા.૧૫–૦૯–૧૪ ના ઠરાવ ક્રમાંકઃવનમ–૩૦૨૦૧૩–૨૧૩૮–ડ૨ સચિવાલય, ગાંધીનગર દ્વારા ઠરાવ કરેલ છે તે મુજબ બીજા પક્ષકાર સાથે કામ કરતા અન્ય કામદારોને સદરહુ ઠરાવના લાભો પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા ચુકવવામાં આવેલ છે જેથી કાયદા મુજબ સૌ સમાનના સિધ્ધાંત મુજબ બીજા પક્ષકાર પણ સદરહું ઠરાવ મુજબના લાભો મેળવવા હક્કદાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તે અંગે બચાવ લીધેલ છે કે, એલ.પી.એ. નં–૧૧૨૫–૯૭ ઈન સ્પે.સી.એ. નં–૪૭૧૮/૯૪ તથા સીવીલ એ.કે. નં–૮૭૯૩/૯૭ ના હુકમોમાં ફરમાવવામાં આવેલ છે તે અનુસાર હંગામી ધોરણે કામદાર વનરક્ષક તરીકે કામે આવતા રોજમદારોને કાયમી કરી શકાય નહીં તેમ સુચિત થાય છે.

આમ, બીજા પક્ષકારે વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને નામ. સુપ્રિમકોર્ટના એસ.એલ.પી.(સી) નં–૧૩૬૧૯–૨૦/૨૦૧૨ ના તા.૦૯–૦૭–૧૩ ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭–૧૦–૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવા બાબતે નામ. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા.૧૫–૦૯–૧૪ ના ઠરાવ ક્રમાંકઃવનમ–૩૦૨૦૧૩–૨૧૩૮–ડ૨ સચિવાલય, ગાંધીનગર દ્વારા ઠરાવ કરેલ છે તે મુજબ કાયમી કામદારોને મળતા લાભો મેળવવા તેઓ હક્કદાર છે તેવી હકીકત જણાવેલ છે અને તેના જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ એલ.પી.એ.નં–૧૧૨૫–૯૭ ઈન સ્પે.સી.એ. નં–૪૭૧૮/૯૪ તથા સીવીલ એ.કે. નં–૮૭૯૩/૯૭ ના હુકમોમાં ફરમાવવામાં આવેલ છે તે અનુસાર હંગામી ધોરણે કામદાર વનરક્ષક તરીકે કામે આવતા રોજમદારોને કાયમી કરી શકાય નહીં તેવી હકીકત જણાવેલ છે. તે સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલત દ્વારા તથા સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ઠરાવ અનુસાર બીજા પક્ષકાર કાયમી કામદાર તરીકેના લાભો મેળવવા હક્કદાર બને છે કે કેમ? તે અંગે ઉપરોક્ત નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદા તથા સરકારશ્રીના ઠરાવ મુજબના નિર્દેશ પક્ષકારોને માનવાનું રહે છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વન ખાતાને ઔદ્યોગિક અધિનિયમની જોગવાઈ લાગુ પડતી નથી અને સરકારી સંસ્થા હોવાથી આઈ.ડી. એક્ટની કલમ–૨(જે) મુજબ "ઉદ્યોગ" ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. નામ. સર્વોચ્ચ અદાલતના **STATE OF BOMBAY V/s. HOSPITAL MAJDOOR SABHA** ના ચુકાદો ધ્યાને લેતાં તેમાં સરકાર દ્વારા સંચાલિત હોસ્પિટલ આઈ.ડી. એક્ટની કલમ–૨(જે) મુજબ "ઈન્ડસ્ટ્રી" છે તે માનેલ છે. જેથી નામ. સર્વોચ્ચ

અદાલતના ઉપરોક્ત ચુકાદા ધ્યાને લઈ કોઈપણ સંસ્થા માત્ર સરકાર સંચાલિત સંસ્થા હોવા માત્રથી તે સંસ્થાનો સમાવેશ આઈ.ડી. એકટની કલમ–૨(જે) મુજબ "ઉદ્યોગ" માં થઈ શકે નહીં તેવો પ્રથમ પક્ષકારનો બચાવ રદ કરવામાં આવેલ છે. વધુમાં ચર્ચા કરીએ તો, નામ. સર્વોચ્ચ અદાલતની સંવિધાનિક બેંચનાઓએ **BANGALORE WATER SUPPLY & SEWERAGE BOARD V/s. A.RAJAPPA** ના ચુકાદામાં કઈ સંસ્થાઓને ઔદ્યોગિક તકરાર અધિનિયમ મુજબ "ઈન્ડસ્ટ્રી" ગણવી તે બાબતે ચર્ચા કરેલ છે અને કોઈપણ સંસ્થાનો સમાવેશ આઈ.ડી. એકટની કલમ–૨(જે) માં "ઈન્ડસ્ટ્રી" માં થાય છે કે કેમ? તેના માટે Dominate Nature test or Triple test ના સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તથા આ ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા ભલે નફા–નુકશાનના હેતુથી કામ ના કરતી સંસ્થા હોય પરંતુ, ઉપરોક્ત ચુકાદાના પરીવેશમાં જોઈએ તો, સંસ્થા નફો કરતી હોય કે નફો કરતી ના હોય તેઓ નફા–નુકશાન હેતુ સાથે કામ કરતા હોય કે ના કરતા હોય તે અગત્યનું નથી તથા કાયદાની ઉપરોક્ત હકીકત અને હાલનો કેસ જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થા વન વિભાગ હોવાના કારણે વ્યવસ્થિત પ્રવૃત્તિ ધરાવે છે અને સંસ્થામાં ચાલતી કામગીરી સંસ્થા તથા ત્યાં કામ કરતા કામદારો અને રોજમદારોના સહયોગથી ચાલતી હોય છે. સંસ્થામાં કામ કરતા રોજમદારો પાસેથી સંસ્થા સેવા લે છે અને તે સેવા બદલ રોજમદાર કામદારોને પગારની ચુકવણી પણ કરવામાં આવે છે. તે તમામ હકીકતોને ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર આઈ.ડી. એકટની કલમ–૨(જે) મુજબ "ઉદ્યોગ" ની વ્યાખ્યા હેઠળ આવે છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા લેવામાં આવેલ બચાવ કે તેઓ "ઉદ્યોગ" ની વ્યાખ્યામાં પડતા ના હોય તેઓને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ લાગુ પડતી નથી તે દલીલ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

વધુમાં, આ કામના બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને ૧૯૯૨ થી છુટા કર્યા તા.૦૮–૧૨–૦૨ સુધી છેલ્લે પગાર રૂ.૨૫૦૦/– થી કામ કરતા હોવાની હકીકત સોગંદ ઉપરના પુરાવા પર જણાવેલ છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા જ ન હતાં તેવો પ્રથમ પક્ષકાર સંસ્થાનો કેસ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા એવું જણાવેલ છે કે, બીજા પક્ષકારે વનરક્ષકના હોદ્દા ઉપર ફરજ બજાવતા હોવાનો આધાર રજુ કરેલ નથી. જેથી બીજા પક્ષકારને કાયમી વનરક્ષક માની શકાય તેમ નથી પરંતુ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૨ ની જુબાનીમાં પણ કાયમી પ્રકારની કામગીરી હતી અને હાલમાં પણ કામગીરી ચાલુ છે અન્ય મારફત કામ કરાવવામાં આવી રહેલ છે તેવું સ્વીકારેલ છે તથા માર્ક–૯/૧ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજ આધારે

પણ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કાયમી જગ્યા ઉપર રોજમદાર તરીકે રાખેલ હોવાનું જણાતું હોવાથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર–માલિકના સંબંધ હોવાનું જણાય છે.

પ્રથમ પક્ષકાર પોતાના અંગત કારણોથી કામ ઉપર આવવાનું બંધ કરી દીધેલ છે તેવો બચાવ લીધેલ છે પરંતુ, બીજા પક્ષકારે જાતે કામ બંધ કરેલ હોય તો સંસ્થા વિરૂધ્ધ કોઈ વિવાદ ઉપસ્થિત કરેલ ન હોત. વધુમાં, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામ ઉપર હાજર થવા કોઈ પત્ર વ્યવહાર કરેલ હોય તેવો પુરાવો રજુ કરેલ ન હોવાથી બીજા પક્ષકારે કામ ઉપર આવવાનું બંધ કરેલ હોવાનો બચાવ માની શકાય તેમ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલા કોઈ નોટીસ, ચાર્જશીટ, છટણી વળતર ચુકવેલ નહીં હોવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય આઈ.ડી. એક્ટની કલમ–૨(ઓઓ) મુજબ છટણી સમાન છે અને જ્યારે કામદારની છટણી કરવામાં આવે ત્યારે આઈ.ડી. એક્ટની કલમ–૨૫(એફ) ની જોગવાઈનું પાલન કરવું જરૂરી બને છે અને તે મુજબ કામદારે સંસ્થામાં ઓછામાં ઓછા એક વર્ષ સળંગ નોકરી કરેલ હોય ત્યારે કલમ–૨૫ (એફ) ની શરતોનું પાલન કર્યા બાદ જ છટણી કરી શકાય અને સળંગ નોકરી સંબંધે આઈ.ડી. એક્ટની કલમ-૨૫(બી) ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે. તે મુજબ અવરોધ વિનાની નોકરી તે સળંગ નોકરી છે તથા માંદગી, અધિકૃત રજા, અકસ્માત, કાયદેસર હડતાળ, તાળાબંધી વિગેરેને કારણે નોકરીમાં કોઈ અવરોધ થયેલો હોય તો પણ તેને સળંગ નોકરી ગણાશે અને અવરોધ ત્યારે જ ગણી શકાય કે જયારે તેને છુટો કે બરતરફ કરવામાં આવેલ હોય અથવા કરાર કે કાયદાની જોગવાઈ મુજબ છુટા કરવામાં આવેલ હોય કે છુટા કરવામાં આવેલ હોય. બીજા પક્ષકાર ૧૯૯૨ થી ફરજ બજાવતા હતાં અને ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને રોજમદાર તરીકે સીઝનલ કામ માટે બોલાવતા અને ૨૪૦ દિવસ કામ કરેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ, બીજા પક્ષકારે ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારની જુબાની મુજબ ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાનો પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે હોવાનું જણાય છે. બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકાર પાસે દસ્તાવેજો રજુ કરવાની અરજીમાં સને ૧૯૯૨ થી ડીસે–૦૨ સુધીના હાજરીપત્રક, પગાર રજીસ્ટર, પગાર વાઉચર, ઓળખપત્ર રજીસ્ટર તથા સીનીયોરીટી લીસ્ટ રજુ કરવા અરજી કરેલ. જે કોર્ટથી મંજુર કરવામાં આવેલ હોવા છતાં આવા કોઈ દસ્તાવેજ પ્રથમ પક્ષકારે રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર દ્વારા કામદારને રોજમદાર તરીકે કામ આપેલ હોય હાજરી

પત્રક નિભાવવામાં આવતું નથી અને રોજમદારનું કોઈ સીન્યોરીટી લીસ્ટ પણ નિભાવવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર દ્વારા રજુ કરલ સોગંદનામાની વિગત જોતાં બીજા પક્ષકાર રોજમદાર તરીકે હતાં અને માંગણા નિવેદનમાં જણાવેલ સમયે કામ કરેલ નથી તેવી બે વિરોધાભાષી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. પ્રથમ પક્ષકાર સરકારી નિયંત્રણ હેઠળની સંસ્થા છે ત્યાં રોજમદારની હાજરી પત્રક કે પગાર રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવાનું માની શકાય તેમ નથી. પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને હાજરી અંગેના પુરાવા, પગાર પાવતી કે ઓળખપત્ર આપવામાં આવતું ન હતું. તે સંજોગોમાં બીજા પક્ષકાર પાસે તે અંગેનો પુરાવો હોઈ શકે નહીં પરંતુ, પ્રથમ પક્ષકાર સરકારી સંસ્થા હોઈ તેઓ પાસે આવો પુરાવો હોવા છતાં રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે તે પુરાવા રજુ કરવા માટે તેની વિરૂધ્ધનું અનુમાન થઈ શકે તેમ છે. તેથી બીજા પક્ષકારની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ સંસ્થામાં કામ કરતાં હોવાની હકીકત અને તેઓને છુટા કર્યાના અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાનું અનુમાન થઈ શકે તેમ છે તેમજ બીજા પક્ષકારને કોઈ સજા કે ગેરવર્તણૂંક સબબ છુટા કરેલ ન હોય ત્યારે સંસ્થાનું કૃત્ય છટણી સમાન છે. બીજા પક્ષકાર માસીક રૂ.૨૫૦૦/- ના પગારથી કામ કરતાં હોવાનું જણાવેલ છે. નિમણૂંક અંગેનો કોઈ પત્ર રજુ કરેલ નથી.

આ કામના પ્રથમ પક્ષકાર તરફથી હાલના રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડતો હોવાની રજુઆત કરેલ છે પરંતુ, આઈ.ડી. એકટ ધ્યાને લેવામાં આવે તો તેમાં ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવા અંગે કોઈ ચોક્કસ જોગવાઈ જણાવેલી નથી તેમજ બીજા પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લેતાં પણ તે કેસમાં પણ ૧૫ વર્ષ તથા ૧૮ વર્ષ બાદ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે. તે કીસ્સામાં પણ નામ. સર્વોચ્ચ અદાલતે રેફરન્સને કોઈ સમયમર્યાદાનો બાધ આવતો હોવાનું જણાવેલ નથી ત્યારે પ્રથમ પક્ષકાર તરફેની રેફરન્સને સમયમર્યાદાનો બાધ આવતો હોવાની રજુઆત ધ્યાને લઈ શકાય તેમ નથી.

આ કામના બીજા પક્ષકાર આઈ.ડી. એકટની કલમ-૨૫(બી) મુજબ સળંગ નોકરીમાં હતાં અને તેઓની છટણી કરતાં પહેલાં કોઈ નોટીસ, વેતન કે છટણી વળતર ચુકવવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. કલમ-૨૫(જી) મુજબ જે-તે વર્ષમાં છેલ્લે કામે રાખેલ હોય તે કામદારની છટણી કરવાની જોગવાઈ છે. તે સંબંધે પણ પ્રથમ પક્ષકારે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું જણાય આવે છે અને છુટા કરવાનું કૃત્ય

ગેરકાયદેસર ઠરાવવામાં આવે ત્યારે તેઓ પોતાની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃ સ્થાપિત થવા હક્કદાર બને છે. બીજા પક્ષકારે તેના માંગણાના નિવેદનમાં તેઓ બેકાર છે અને નોકરી મેળવવાના પ્રમાણિક પ્રયત્ન કરવા છતાં નોકરી રોજગાર મળેલ નથી તેવું જણાવેલ છે પરંતુ, આ સંબંધે બીજા પક્ષકાર દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તેમજ બીજા પક્ષકાર લાંબા સમયથી વોચમેનનું કામ કરતાં હતાં તે પ્રકારનું કામ અન્ય જગ્યાએ પણ મળી શકે તેમ હોય તેવા સંજોગોમાં લાંબા સમય સુધી કામ વગર રહેલ હોય તેવું માની શકાય નહીં. વધુમાં, બીજા પક્ષકારની હાલની ઉંમર ધ્યાને લેવામાં આવે તો હાલ તેઓની આશરે ઉંમર ૬૪ વર્ષ હોવાથી તેઓ નિવૃત્તિ વય મર્યાદા વટાવી ચુકેલ હોઈ જેથી તેઓને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયી જણાતો નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર છુટા કર્યા તારીખથી નિવૃત્ત તારીખ સુધીમાં મળવાપાત્ર થતી રકમના ૫૦ ટકા રકમ બેકવેજીસ તરીકે તથા નિવૃત્તિની તારીખે નિવૃત્ત થતાં સમયે મળવાપાત્ર થતી તમામ રકમ મેળવવા હક્કદાર થતાં હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોવાથી મુદ્દા નંબર–૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

## –:– <u>એવોર્ડ</u> –:–

(૧) બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ (એલ.સી.બી.) નં–૩૬/૨૦૧૭ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં બીજા પક્ષકારને છુટા કર્યા તારીખથી નિવૃત્ત તારીખ સુધી ચુકવવાપાત્ર થતી રકમના ૫૦ ટકા રકમ બેકવેજીસ તરીકે તથા નિવૃત્તિની તારીખે નિવૃત્ત થતાં સમયે ચુકવવાપાત્ર થતી તમામ રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખઃ ૨૩/૦૯/૨૦૨૫**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર